અપીલ અરજી નં.૩૮૦, તા.૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૯–૧–૦૯ ની અરજીથી કતારગામઝોનમાં મટન શોપ, મચ્છી–મરઘીની દુકાનો અંગેની મુદ્દા નં.૧ થી૬ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૯–૧–૦૯ ની અરજીથી કતારગામઝોનમાં મટન શોપ, મચ્છી–મરઘીની દુકાનો અંગેની મુદ્દા નં.૧ થી૬ની માહિતી આપવા બાબતેડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આ/૮૨૦૬ તા.૧૭–૨–૦૯ થી આપેલ માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૪ તા.૧૨–૩–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નોર્થઝોન/આ.નં.૯૧૫૮ તા.૧૯–૩–૦૯ થી અરજદારે અપીલ અરજી દફતરે કરવા કરેલ અરજીની મુળ નકલ તા.૧૮–૩–૦૯ ની રજુ કરેલ છે. તેમજ નં.એન.ઝેડ/આ.નં.૯૨૦૯ તા.૨૦–૩–૦૯ થી પૂરક માહિતી અત્રેના વિભાગને પૂરી પડાયેલ છે.

અરજદારની તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એન.ઝેડ/આ.નં.૮૨૦૬ થી પૂરી પડાયેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતમાં પણ અરજદારને બહારથી તમામ માહિતી મળી ગઈ હોય માહિતીની તેઓને જરૂર રહેતી ન હોય અપીલ અરજી ફાઈલ કરવા અરજદારની તા.૧૮–૩–૦૯ ની નકલ અરજી ની નકલ રજુ કરેલ છે. તેમજ અરજદારે પણ તેઓને આ વિશેની માહિતી બહારથી મળી ગઈ હોય અપીલ અરજી દફતરે કરવા રજુઆત કરેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી તેમજ અરજદારને અરજીમાં જણાવ્યા મુજબની માહિતી બહારથી મળી ગઈ હોય તેવી તા.૧૮–૩–૦૯ ની અરજીથી જણાવી દફતરે કરવાની રજુઆત કરેલ છે. આથી અપીલ અરજી અંગે માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ ચોકબજાર,